## કોઈ પણ દેખાઈ જાયતો...

✱ સ્વભાવ અત્યંત ખરાબ હોવાછતાંસહનશીલ બનીનેઉંમરેપહોંચેલાપોતાનાંસાસુ-સસરાનીસુંદર સેવાકરીરહેલ પુત્રવધૂ.

✱ મોજશોખની તમામ અનુકૂળતાઓહોવાછતાંએ માર્ગેસંપત્તિનોદુર્વ્યયનકરતાં, ગરીબોનાંઆસું લુંછવા માટેસંપત્તિનોસદ્ઉપયોગકરીરહેલ નવયુવક.

✱ વાસનાપૂર્તિનીતમામ અનુકૂળતાહોવાછતાં મનનેસત્ત્વશીલ બનાવીનેપોતાનીપવિત્રતાનેઅકબંધ રાખી રહેલાંયુવકઅનેયુવતી.

✱ પત્નીની ચામડીપર અચાનક પ્રગટીગયેલાસફેદ ડાઘને જોવાછતાં ય અન્ય સ્ત્રી પાછળ ભટકવાનો વિચારસુદ્ધાંનકરનાર ખાનદાન પતિ.

✱ આમાંનાકોઈપણતમને દેખાઈ જાયતોતુર્તવંદનકરવા અમનેજણાવવાવિનંતિ અમે હાથજોડીએ છીએ.

## અમારેઈનામ આપવું છે...

શિક્ષણના ભયંકર જંગલમ
બાબાનુંબાળપણગુમ થઈગયું છે
ટી.વી. પરઆવતીસિરિયલોની ભુલભુલામણીમાં
દીકરીનીપવિત્રતાગુમથઈગઈ છે.
બુદ્ધિની જ બોલબોલાવાળાયુગમાં
હૃદયનીનિર્દોષતા ખોવાઈ ગઈ છે.
સ્પર્ધાનાઆજમાનામાં
મૂલ્યોગુમ થઈગયા છે.
જાહેરાતોનાઆબજારમાં
વિચારશક્તિઅનેવિવેકશક્તિબન્નેય
ગુમથઈગયા છે.
શોધી લાવનારને મોં માગ્યું
ઈનામઆપવાની અમારીતૈયારી છે.

## પપ્પાશુંબોલશે?

ખુરસી હવેકામમાંનથીઆવતીને? કાઢી નાખો!
મશીનહવે ચાલતુંનથીને? કાઢી નાખો!
કપડાંનકામાંથઈગયા છે ને? કાઢી નાખો!
વૃદ્ધાવસ્થાનાકારણેનોકરહવેકામ નથીકરતોને? રજાઆપીદો!
ગાયદૂધઆપતીબંધથઈગઈ છે ને? કતલખાને મોકલીઆપો!
મમ્મી-પપ્પાનકામા (?) થઈગયા છે ને?વૃદ્ધાશ્રમમાં મોકલીઆપો!
કદાચ ભરયુવાન વયેદીકરાને લકવો લાગીજશેતો
એનાપપ્પાશુંઆશબ્દોબોલીશકશે? ‘કાઢી નાખો.’

## જાહેર ચેતવણી...

અમારીજીવનકંપનીમાંવરસોથી મેનેજરનીસ્થાનેરહેલ દુર્બુદ્ધિને

અમે કંપનીમાંથીકાયમ માટેછૂટીકરી છે
એની લાગતા-વળગતાઓએનોંધતો લેવી જ
પરંતુએનેપોતાનીજીવનકંપનીમાંનોકરીઆપવાઈચ્છનારને
અમે ચેતવણીઆપીએછીએકેએને
તમારીજીવનકંપનીમાંસ્થાનઆપતાપહેલાં
લાખ વારવિચારકરજો,
કારણકેજીવોસાથેદુશ્મનાવટપેદાકરાવતારહેવાનો
એનોહલકટ સ્વભાવ છે,
ઉપકારીઓસામે બળવોકરતારહેવાની
એનીકનિષ્ટતમ મનોવૃત્તિ છે
એઆત્માનેદુર્ગતિમાંરવાનાકરીદેવાસિવાય
બીજાએકેયમાંએનેરસનથી.
અમારોઆ અનુભવ તમારો અનુભવ નબનીરહે
એવી અમારીઅંતરનીઈચ્છા છે.

## કોઈ મનેસહાયકરશો?...

ટ્રાફિકનાસિગ્નલ પરની લાલ લાઈટગમે કેનગમે,
ત્યાંગાડી ઊભી રાખી દેનાર માણસ
પોતાનેઅનેપોતાનીગાડીનેસલામત રાખી જ દે છે.
આયુષ્યનાસિગ્નલ પરની પ્રભુની નવિચારવારૂપ,
નબોલવારૂપઅનેનકરવારૂપ લાલ લાઈટ મનેગમે કેનગમે,
હુંજોત્યાં જ ઊભો રહીજાઈશતો મારાજીવનને
અને મારાઆત્માને અચૂકસલામત રાખી શકીશ.
મારાઅંતરમાંસમ્યક્ સમજણના પ્રગટેલા
આ ભંડાર પરનાદીપકનેહું અખંડ દીપકબનાવીદેવા માગુંછું.
કોઈ મનેસહાયકરશો?

## મનેકોઈ મદદ કરશે?...

મનમાં છે, વિચારોનો ભાર
આંખમાં છે, સપનાંઓનો ભાર
હૃદયમાં છે, કલ્પનાઓનો ભાર
મનમાં છે, તૃષ્ણાનો ભાર.
દિલમાં છે, ઈર્ષ્યાનો ભાર.
જીભ પર છે, પરનિંદાનો ભાર.
આટઆટલાજાતજાતના ભાર ઊંચકીનેજીવાતી
જિંદગીમાંહું પ્રસન્નતાન અનુભવી શકતોહોઉં
એમાંકોઈનવાઈનથી, મારેઆ ભારને ઉતારી નાખવો છે.
મનેકોઈ મદદ કરશે?....

## ડોકટરનુંસરનામુંજોઈએ છે....

ગાંઠશેરડીમાં, ત્યાંરસન મળ્યો.
ગાંઠદોરામાં, એસોયમાંપરોવાઈનશકાયો.
ગાંઠગળામાં, એતંદુરસ્તનરહીશક્યો.
ગાંઠ રૂમાલમાં, એકાંઈઝીલીનશક્યો.
મારા મનને મેં તપાસ્યું છે.
ત્યાં મનેવ્યક્તિઓ પ્રત્યેબંધાઈગયેલ દુશ્મનાવટની
પુષ્કળ ગાંઠો દેખાઈ છે.
તાત્કાલિક મારેઆતમામ ગાંઠોનુંઓપરેશનકરાવી
લેવું છે કારણકેઆગાંઠોએ જ મારાજીવનને
રસહીન, ધર્મહીનઅનેઉત્સાહહીનકરીનાખ્યું છે.
ઓપરેશનકરીશકનારડોકટરનુંસરનામુંજોઈએ છે.

## પાગલપનથી મુક્તકરનારડોકટરનીજરૂર છે...

સંપતિએ મનેજવાબઆપ્યો છે એટેકથી.
ક્રોધે મનેજવાબઆપ્યો છે બ્લડપ્રેસરથી.
અપેક્ષાઓએ મનેજવાબઆપ્યો છે અશાંતિથી .
ખ્યાતિની ભૂખે મનેજવાબઆપ્યો છે અનિદ્રાથી.
પ્રથમનંબરપર જ રેહવની ભૂખે મનેજવાબઆપ્યો છે અલ્સરથીઅને
વાસનાનીજાલિમ ભૂખે મનેજવાબઆપ્યો છે એઈડ્ઝથી.
આતમામ પ્રકારનાપાગલપનથી મારે મુક્તથવું જ છે.
કોઈડોકટર છે?

## અત્યારેએકતલાશ છે....

હું મૂરખ હતો, શિક્ષણે મને ચાલાકબનાવ્યો.
હુંપવિત્રહતો, ટી.વી. નીસિરિયલોએ મનેપરિપકવ (?) બનાવ્યો.
હુંસંતોષીહતો, જાહેરાતોનાજંગલે મનેઅતૃપ્ત બનાવ્યો.
હું ભોળો હતો, સમાજે મનેહોશિયારબનાવ્યો.
હું શ્રમવાનહતો, બુદ્ધિજીવીઓએ મને ક્રાંતિકારી (?) બનાવ્યો.
હું ભક્ત હતો, વિજ્ઞાને મનેસ્નાતક (?) બનાવ્યો.
હું માણસહતો, રાજનેતાઓએ મને મશીન(?) બનાવ્યો.
હુંઅત્યારેએવાકોઈહાથનીતલાશમાંછુંકે , જેહાથ મનેસજજનબનાવીદે.

## અસંભવ

રેતીમાં ખેતી? અસંભવ!
આગમાંશીતળતા? અસંભવ!
સર્પનીદાઢમાં અમૃત? અસંભવ!
કરિયાતામાં મીઠાશ? અસંભવ!
વિષમાંજીવન? અસંભવ!

આ સમજ તોહુંજેમ જેમ પુખ્તબનતોગયોછું
તેમતેમ મારામાંઆવતીગઈ છે પરંતુ
'પદાર્થમાં સુખ? અસંભવ!'ની પ્રભુની વાત
આજેય મારી સમજનોવિષયબનીનથી.
હું ખૂબ દુ:ખી છું.

## હિંમતકેળવવા માટે...

મનેદારૂનીબોટલનીઓફરકરનારને, હુંનાનપાડીશક્યો.
ગંદીફીલ્મ જોવાનુંઆમંત્રણજેણેપણ મનેઆપ્યું, એનેહુંનાનપાડીશક્યો.
કલબમાંજુગાર રમવાજેપણ મને લઈ ગયો, એનેહુંનાનપાડીશક્યો.
ગલતરસ્તેટૂંકા સમયમાંઅતિઝડપથીપૈસાબનાવી લેવાની મિત્રનીવાતને, હુંનાનપાડીશક્યો.
આજે મનેખ્યાલ આવે છે કેઆવાંબધાંકનિષ્ટતમ
પરિબળોનેનાપાડવાની હિંમતકેળવવા માટે
અંતરમાં શ્રેષ્ડતમ પરિબળો માટે 'હા' પાડવાની
હિંમતકેળવી ચૂકયુંહોયએવું મનજોઈએ છે કેજે મારીપાસેનહોતું.

## કચરાનોસફાયો

અત્તરનીબાટલી મેં ગટરમાંક્યારેય ખાલી કરીનથી,
સંપત્તિનુંરોકાણકચરામાં મેં ક્યારેયકર્યુંનથી,
પાંચ લાખની ગાડીમાં મેં ગંદવાડક્યારેય ભર્યો નથી
પણ મારું મન?
વાસનાનીગટરમાં, લોભના કચરામાંઅને
દુશ્નાવટવૃત્તિનાગંદવાડમાં જ મેં વરસોથીરોકીદીધું છે.
એનું જ આપરિણામ છે કેઆજે મારાજીવનમાં
દોષોનીદુર્ગંધકલ્પનાતીતહદે પ્રસરીગઈ છે.
હું ચાહુંછુંએવીઆગકેજેઆદુર્ગંધનાવાહક
એવા કચરાનોસફાયોકરીને જ રહે.

## કોઈરહેમ કરશો?

હું શ્રીમંતછુંએ કર્મસત્તાની મહેરબાની છે.
હુંબળવાનછુંએ કર્મસત્તાનીઉદારતા છે.
હુંસફળ છુંએ કર્મસત્તાનીદેણગી છે.
હુંવિદ્વાનછુંએ કર્મસત્તાનીરહેમ છે.
હુંસત્તાધીશછુંએ કર્મસત્તાની મહેર છે.
મારેતોસજ્જનબનવું છે, સંતબનવું છે,
સરળ બનવું છે, ઉદારબનવું છે, પરોપકારીબનવું છે,

યાવત્પરમાત્મા બનવું છે.
ઓ ધર્મસત્તા! મારાપરરહેમ કરશો?

## આત્મનિરીક્ષણ

મનેકોઈએ 'ઉદાર' કહ્યો, મને ખૂબ ગમ્યું.
મનેકોઈએ 'પવિત્ર'નુંવિશેષણઆપ્યું, હુંઅત્યંતઆનંદિતથઈગયો.
મનેકોઈએ 'સત્યવાદી'નુંસર્ટીફિકેટઆપ્યું, મારાઆનંદનોપારનરહ્યો.
મનેકો'કે 'સરળ' જાહેરકર્યો, મારીરોમરાજીવિકસ્વરથઈગઈ.
મનેકો'કે '૪૨૦'ના વિશેષણથીનવાજ્યો, હુંઆવેશમાંઆવીગયો
મનેકોકે 'દંભી' જાહેરકર્યો, હુંએનાપરતૂટીપડ્યો.
મનેકોકે'વ્યભિચારી'નીગાળ દીધી, હું સમસમી ગયો.
મેં આત્મનિરીક્ષણકર્યું.
જેવિશેષણોમાં મનેઆનંદથયોહતોએબધાય ખોટા હતા.
જેવિશેષણોમાંહુંઆવેશમાંઆવીગયોહતોએબધાયસાચા હતા.